દહેગામ વાસણા રાઠોડ ગામના માવાણી ફાર્મહાઉસ ખાતે રહેતા યુવકનો મૃતદેહ મળ્યો

યુવક કાર લઈને ત્રણ દિવસથી ગુમ થયો હતો, યુવક જમીન દલાલી તેમજ ફાયનાન્સના વેપાર સાથે સંકળાયેલ હતો, પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામની સીમમાં આવેલા માવાણી ફાર્મ હાઉસ ખાતે રહેતા યુવક ગત તા.૪ મે ના રોજ કાર સાથે ગુમ થયો હતો. યુવક ગુમ થવા અંગે પોલીસને પરિવારજનોએ જાણ કરી હતી. જયારે અડાલજ પોલીસ મથક વિસ્તારમાં આવેલા અમિયાપુર નર્મદા કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના વાસણા રાઠોડ ગામના માવાણી ફાર્મ હાઉસ ખાતે રહેતા ૨૪ વર્ષિય પાર્થ કમલેશભાઈ ઠાકોર જમીન દલાલી અને ફાયનાન્સનો વેપાર કરતો હતો.જયારે યુવક ગત તા.૪ ના રોજ બિલાસીયા ગામે સામાજીક પ્રસંગે હાજરી આપવા ગયો હતો. ત્યારે યુવકે ફોન કરી પરિવારજનોને જાણ કરી હતી કે હુ ઘરે પરત ફરી રહ્યો છું. ત્યારપછી યુવક ગુમ થયો હતો. યુવક કાર સાથે ગુમ થતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી અને પોલીસને જાણ પણ કરી હતી. ત્યારે ગઈકાલે સાંજના સમયે કઠવાડા નિકોલ પાસેના જારી ઝાંખરામાંથી સળગેલી હાલતમાં કાર મળી આવી હતી. જયારે આજરોજ અડાલજ વિસ્તારના અમિયાપુર નર્મદા કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવકનો મૃતદેહ જોઈ પરિવાર પર આભ તુટી પડયું હતું. મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી અડાલજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.જયારે યુવકનો મૃતદેહ કેનાલમાંથી અને કાર સળગેલી હાલતમાં મળી આવતા પરિવારજનોએ યુવકની હત્યા કરાઈ હોવાની આશંકા વ્યકત કરી રહ્યા છે.

કેવડિયા ખાતે ભારતી દિલ્હી એમ્પોરિયમ શોપનુંઉદ્ઘાટન

દિલ્હીના હસ્ત કલા કારીગરો દ્વારા બનાવાયેલી વસ્તુઓ દેશ વિદેશથી આવનાર પર્યટકો મુલાકાતીઓ મેળવી શકશે



રાજપીપલા, તા.૭

દિલ્હી રાજ્યના રાજ્યકક્ષાના ઉદ્યોગમંત્રી સત્યેન્દ્ર જૈનના હસ્તે નર્મદા જિલ્લાના એકતાનગર એકતામોલ ખાતે ભારતી દિલ્હી એમ્પોરિયમ શોપને રીબીન કાપી દિપ પ્રાગટ્ય દ્વારા ઉદઘાટન કરાયું હતું. દિલ્હી રાજયના રાજયકક્ષાના ઉદ્યોગમંત્રી સત્યેન્દ્ર જૈને માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના એકતાનગર એકતામોલમાં ભારતી દિલ્હી એમ્પોરિયમનું ઉદઘાટન આજે કરવામાં આવ્યું છે.

અહીં વિવિધ રાજયના એમ્પોરિયમ બનાવવા આવ્યાં છે, જેમાં દિલ્હીના હસ્તકલા કારીગરો દ્વારા બનાવવામાં આવેલી વસ્તુઓને પ્રદર્શનના રૂપમાં તેનું વેચાણ થઈ શકે તેમજ તેનો લાભ દેશ વિદેશથી આવનાર પર્યટકો મુલાકાતીઓ સહજતાથી મેળવી શકશે તેવો દ્રઢ આત્મવિશ્વાસ મંત્રી જૈને વ્યક્ત કર્યો હતો. એકતાનગર ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાન્નિધ્યમાં આવેલ એકતામોલ એ પ્રવાસીઓ માટેનું મુખ્ય આકર્ષણનુ કેન્દ્ર બન્યું છે. એકતામોલમાં સમગ્ર ભારતની હસ્તકલાનું પ્રદર્શન એક છત નીચે કરવામાં આવી રહ્યું છે, ત્યારે ભારતી દિલ્હી એમ્પોરિયમને વધુ વેગવંતુ બનાવવા શો રૂમનું ઈનોગ્રેશન કરાયું હતું.

દિલ્હી રાજ્યના રાજ્યકક્ષાના મંત્રી સત્યેન્દ્ર જૈન અને તેમની સાથે ઉપસ્થિત સૌએ એકતામોલની મુલાકાત લઈ ઉત્પાદન અને વેચાણ અંગેની જાત માહિતી મેળવી હતી. આ વેળાએ NCT ઓફ દિલ્હીના ઈન્ડસ્ટ્રીઝના કમિશનર ભુપેશભાઈ ચૌધરી, એમ્પોરિયમના ચીફ મેનેજર એચ.કે.સિંઘ, DSIIDC ના ચીફ એન્જીનીયરીંગ આર. એસ. અહલાવત વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

૪૫૦ હોસ્પિટલ્સ-નર્સિંગ હોમની હડતાળની ચીમકી

ફોર્મ સી ભરવામાં પડતી મુશ્કેલીનો ભારે વિરોધ : સી ફોર્મ રીન્યુઅલ માટે અચાનક જ બીયુ પરમિશન ફરજિયાત કરાતાં આ પ્રકારની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ

અમદાવાદ, તા.૭

અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ અસોસિએશન (AHNA) દ્વારા ફોર્મ 'સી' રીન્યુ કરવામાં પડી રહેલી મુશ્કેલીના પગલે હડતાલ પર ઉતરવાની ચીમકી આપવામાં આવી છે. એકસાથે શહેરની આશરે ૪૦૦થી ૪૫૦ હોસ્પિટલ તેમજ નર્સિંગ હોમના રજિસ્ટ્રેશન (ફોર્મ 'સી') ન થયા હોવાથી તેને તાળા મારવાની નોબત આવી છે. આહનાના સેક્રેટરી ડો. વિરેન શાહે જણાવ્યું કે, સન ૧૯૪૯થી છેક ૨૦૨૧ સુધી આમાની હોસ્પિટલ અને નર્સિંગ હોમ્સે રજિસ્ટ્રેશન માટેના તમામ જરૂરી દસ્તાવેજો આપેલા છે અને તેમનું 'સી' ફોર્મ સમયાંતરે રીન્યુ કરી આપવામાં આવેલું છે. ત્યાર બાદ ૨૦૨૧ના ઓક્ટોબર મહિનાથી 'સી' ફોર્મ રીન્યુઅલ માટે અચાનક જ બીયુ પરમિશન ફરજિયાત કરી દેવાતાં આ પ્રકારની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે.

બીયુનો કાયદો ખૂબ જ ગૂંચવણભરેલો અને અટપટો છે તથા તેમાં નાની હોસ્પિટલ્સ તેમજ નર્સિંગ હોમ્સ માટે કોઈ જુદા ધારાધોરણો નથી નક્કી કરવામાં આવેલા.

એકાએકનરેશ પટેલે દિલ્હીનો પ્રવાસ રદ કરતા અનેક તર્ક-વિતર્ક

કોંગ્રેસમાં ટૂંક સમયમાં નવાજૂનીના એંધાણ દેખાઈ રહ્યા છે, નરેશના કોંગ્રેસ આગમનની હવે ઘડીઓ ગણાઈ રહી છે

રાજકોટ,તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા નવાજૂની થવાના એંધાણ દેખાઈ રહ્યાં છે. નરેશ પટેલને લઈને હજુ ચિત્ર સ્પષ્ટ થઈ શક્યું નથી અને તેઓ કંઈ પાર્ટીમાં જોડાશે તેણે લઈને કોકડું હજું ગૂંચવાયેલું છે. તેમ છતાં ચર્ચાઓ ચાલી રહી છે કે નરેશ પટેલના કોંગ્રેસમાં જોડાવાનો તખ્તો દિલ્હીમાં ગોઠવાઈ રહ્યો છે. આ ચર્ચાઓ વચ્ચે ખોડલધામના ચેરમેન નરેશ પટેલને લઈને સવારે સમાચાર મળ્યા હતા કે તેઓ દિલ્હી દરબારમાં પહોંચશે, પરંતુ અચાનક તેમણો કાર્યક્રમ કેન્સલ થયો હતો. ખોડલધામના ચેરમેન અને પાટીદાર અગ્રણી નરેશ પટેલ આજે ફરી દિલ્લીના પ્રવાસે જવાના હતા અને રાજકારણમાં એન્ટ્રીની વાતો વચ્ચે દિલ્લી પ્રવાસ પર સૌની નજર મંડરાયેલી હતી. રાજકારણ સાથે જોડાયેલા સૂત્રો નરેશ પટેલના દિલ્લી પ્રવાસમાં અનેક તર્ક-વિતર્ક જોઈ રહ્યા હતા. એટલું જ નહીં નરેશ પટેલ દિલ્લીમાં કોની-કોની સાથે મુલાકાત કરવાના હતા તે અંગે પણ જુદી જુદી અટકળો ચાલી રહી હતી. નરેશ પટેલ આજે સવારે ૯ વાગ્યે રાજકોટથી દિલ્હી જવા રવાના જવાના હતા. પરંતુ અચાનક કાર્યક્રમ કેન્સલ કર્યો છે અને તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. કોંગ્રેસમાં ટૂંક જ સમયમાં નવાજૂનીના એંધાણ દેખાઈ રહ્યા છે.

નરેશ પટેલના કોંગ્રેસ આગમનની હવે ઘડીઓ ગણાઈ રહી છે. તમને જણાવી દઈએ કે ૧૦ મેના રોજ નરેશ પટેલે રાજકારણમાં એન્ટ્રી કરશે કે નહીં તેની જાહેરાત કરવાની વાત કરી હતી. હવે મોટી જાહેરાત પહેલાની દિલ્લી મુલાકાત પર સૌ કોઈની નજર મંડાયેલી છે. ઉલ્લેખનીય છે કે ગત મહિને પણ દિલ્હી દરબારમાં પહોંચીને નરેશ પટેલે કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે બેઠક કરી હતી.

મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત સામે પાંચ રને વિજય નોંધાવ્યો

સેમ્સે અંતિમ ઓવરમાં વિજય આંચક્યો : મુંબઈ ઈન્ડિયન્સના ૧૭૭ રન સામે ગુજરાત ટાઈટન્સે ૧૭૨ રન નોંધાવ્યા, મુંબઈનો પાંચ રને વિજય

અમદાવાદ,તા.૭

આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૧૫મી સિઝનમાં શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાયેલી મેચ અંતિમ ઓવર સુધી રોમાંચક રહી હતી. જેમાં મુંબઈ ઈન્ડિયન્સે પાંચ રને વિજય નોંધાવ્યો હતો. આઈપીએલ-૨૦૨૨માં શુક્રવારે મુંબઈના બ્રોબોર્ન સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ગુજરાતે ટોસ જીતીને મુંબઈને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. મુંબઈએ નિર્ધારીત ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૭ રનનો સ્કો રનોંધાવ્યો હતો. જેના જવાબમાં ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૨ રન નોંધાવી શકી હતી. ગુજરાતને જીતવા માટે અંતિમ ઓવરમાં નવ રનની જરૂર હતી. ડેવિડ મિલર અને રાહુલ તેવાટિયા અંતિમ ઓવરમાં હોવા છતાં ગુજરાતને જીતાડી શક્યા ન હતા. ડેનિયલ સેમ્સે અદ્ભુત કરી હતી અને

મુંબઈને રોમાંચક વિજય અપાવ્યો

૩૬ બોલમાં ૫૨ રનની ઈનિંગ્સ હતો. ૧૧ મેચમાં ગુજરાતનો આ ત્રીજો પરાજય હતો જ્યારે ૧૦ મેચમાં મુંબઈનો આ બીજો વિજય હતો. ગુજરાતની ટીમ ૧૬ પોઈન્ટ સાથે હજી પણ ટોચના સ્થાને છે જ્યારે મુંબઈ ૧૦માં ક્રમે છે. ૧૭૮ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલી ગુજરાતની ટીમને રિદ્ધિમાન સહા અને શુભમન ગિલની ઓપનિંગ જોડીએ આક્રમક શરૂઆત અપાવી હતી. આ જોડીએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવીને મુંબઈ ઈન્ડિયન્સના બોલર્સ પર દબાણ બનાવ્યું હતું. આ જોડીએ સદીની ભાગીદારી નોંધાવી હતી અને પોત-પોતાની અડધી સદી પણ પૂરી કરી હતી. સહા અને શુભમન ગિલે ૧૨.૧ ઓવરમાં ૧૦૬ રનની ભાગીદારી નોંધાવી હતી. રિદ્ધિમાન સહાએ ૪૦ બોલમાં છ ચોગ્ગા અને બે સિક્સરની મદદથી ૫૫ રન ફટકાર્યા હતા. જ્યારે ગિલે રમી હતી જેમાં છ ચોગ્ગા અને બે સિક્સર સામેલ હતી. ત્યારબાદ સાઈ સુદર્શન ૧૪ રન નોંધાવીને હિટ વિકેટ આઉટ થયો હતો. મુંબઈના બોલર્સે અંતિમ ઓવર્સમાં શાનદાર બોલિંગ કરી હતી અને મેચને રોમાંચક બનાવી દીધી હતી. સુકાની હાર્દિક પંડ્યાએ ૧૪ બોલમાં ૨૪ રન નોંધાવ્યા હતા. તે રન આઉટ થયા બાદ મુંબઈએ મેચ પર પકડ બનાવી લીધી હતી. તેમાં પણ ડેનિયલ સેમ્સે અંતિમ ઓવરમાં નવ રનનો બચાવ કર્યો હતો. સામે છેડે ઈનફોર્મ રાહુલ તેવાટિયા અને ડેવિડ મિલર હોવા છતાં તેણે ગુજરાતને છ બોલમાં નવ રન કરવા દીધા ન હતા અને મુંબઈને વિજય અપાવ્યો હતો. ડેવિડ મિલર ૧૪ બોલમાં ૧૯ રન નોંધાવીને નોટઆઉટ રહ્યો હતો. મુંબઈ માટે મુરૂગન અશ્વિને બે તથા કેઈરોન પોલાર્ડે એક વિકેટ ઝડપી હતી.

વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને લઈને અટકળોનું બજાર ગરમ

વડાપ્રધાન મોદી ૧૫ મે પછી રાજ્યનો પ્રવાસ ખેડશે : પ્રવાસ દરમિયાન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની મુલાકાત લઈ શકે છે

અમદાવાદ, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. પાછલા મહિને ગુજરાત આવ્યા બાદ આ મહિને ફરી એકવાર વડાપ્રધાન મોદી ગુજરાતના મહેમાન બનવાના છે, આ અગાઉ તેઓ વર્ચ્યુઅલ રીતે પણ ગુજરાત સાથે જોડાયા હતા અને કેટલાક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન મોદી ૧૫મી મે પછી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, આ દરમિયાન તેઓ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની મુલાકાત લઈ શકે છે. એક તરફ રાજ્યમાં ચાલુ વર્ષમાં ચૂંટણી આવી રહી છે અને તે ચૂંટણી વહેલી યોજાશે તેવી શક્યાતાઓ અને અટકળો બાંધવામાં આવી રહી છે. બીજી તરફ ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલને લઈને કેટલીક અટકળો લગાવવામાં આવી રહી છે. આ અટકળોનો પણ નજીકના ભવિષ્યમાં અંત આવશે તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ૧૫મી મે પછી ગુજરાત આવી રહ્યા હોવાની વિગતો સામે આવી રહી છે જેમાં તેઓ ગુજરાતના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેવાના છે તેવું મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે. આ દરમિયાન તેઓ દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાઓના સમેલનને સંબોધિત કરવાના છે, જ્યારે રાજકોટમાં હોસ્પિટલના કાર્યક્રમમાં પણ હાજરી આપવાના છે. એવું પણ કહેવાઈ રહ્યું છે કે રાજ્યમાં ચૂંટણી આવી રહી છે ત્યારે દર મહિને વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે આવતા રહેશે. જોકે, આ વખતના તેમના આગમન અંગે હજુ સુધી સત્તાવાર રીતે તારીખોની જાહેરાત કરવામાં આવી નથી. મોટાભાગે વડાપ્રધાન પોતે જ જ્યારે વતન આવે ત્યારે ટ્વિટ કરીને કાર્યક્રમો અને તારીખ અંગે જાણકારી આપતા હોય છે. એક તરફ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ રાજકીય ભાવીનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે, આ વચ્ચે તેઓ દિલ્હી પર જઈ રહ્યા છે અને આગામી સમયમાં વડાપ્રધાન મોદીના પ્રવાસ સુધીમાં કોઈ મોટી અપડેટ આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. જોકે, તેઓ રાજકારણમાં જોડાવા અંગે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી, તેઓ ઘણી વખત કહી ચુક્યા છે કે આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી અને જ્યારે તેઓ નિર્ણય લેશે ત્યારે જાણ કરશે. એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે નરેશ પટેલ દિલ્હી જઈને મહત્વનો નિર્ણય લઈ શકે છે. બીજી તરફ હાર્દિક પટેલની સોશિયલ મીડિયા પ્રોફાઈલોમાં થતા ફેરફારોને લઈને પણ અટકળો જોર પકડી રહી છે. આ પહેલા હાર્દિક પટેલે કોંગ્રેસ સામે નારાજગી પણ વ્યક્ત કરી હતી. જોકે, હાર્દિકે આ પ્રકારની અટકળોને રદીયો આપ્યો હતો. આમ છતાં અટકળોનો દોર અટકી રહ્યો નથી.

લટકેલું છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ કરી દેવાયુ હતુ. પરંતુ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન મોકુફ રાખવામાં આવતા મુખ્ય ઘ માર્ગની કામગીરી પણ પડતી મુકવામાં આવી હતી. ઘ- ૦ થી ઘ- ૭ સુધી ૭ કી મીના અંતરમાં પથરાયેલા મુખ્યમાર્ગના રીસરફેસીંગનુ કામ માત્ર ઘ-૪ સુધી જ થયુ છે. જયારે ઘ-૪ થી ઘ-૭ વચ્ચેના રૂટમાં રીસરફેસીંગની કામગીરી બાકી છે. જો કે આ કામગીરી સરકારી પ્લાન્ટ આધારિત કરવામાં આવી રહી છે. જયારે હાલ સરકારી પ્લાન્ટની મશીનરી અન્ય જગ્યાએ રોકાયેલી છે. જેના લીધે હજુ સુધી ઘ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી અલબત્ત અધુરુ કામ પણ પુર્ણ થયુ નથી. આગામી જુન મહીનાથી ચોમાસાનો પ્રારંભ થશે જેથી વરસાદી દિવસોમાં આમ પણ ડામર કામ બંધ રહેશે જેના લીધે ઘ માર્ગનુ બાકી કામ દિવાળી પુર્વે થાય તેમ લાગતુ નથી.

રહિશોમાં ભય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સેકટરોમાં પણ હીંસક બનતા વાંદરાઓના લીધે સ્થાનિકોમાં મુંઝવણ ઉભી થાય છે મહીલાઓ અને બાળકોમાં પણ ભય પ્રવર્તે છે. આમછતા વનતંત્ર કક્ષાએથી નાગરિકોની ફરિયાદ સંદર્ભે કોઇ પગલા લેવાતા નથી. શહેરમાં તોફાને ચઢેલા વાંદરા અંગે સેકટરોમાંથી રોજબરોજ એકાદ ફરિયાદ ઉઠે છે. વર્ષ દરમિયાન વનતંત્રને ૨૫૦ થી વધુ ફરિયાદો મળે છે. પરંતુ વનતંત્ર આ મામલે તોફાની અને હીંસક વાંદરાઓને કેદ કરવા માટે કોઇ પગલા ન લેતા સેકટરવાસીઓની મુંઝવણ વધી છે. દાયકા પુર્વે વનતંત્ર દ્વારા સેકટરોમાં તોફાની વાંદરાઓની ફરિયાદ અનુસંધાને ત્વરિત પાંજરુ મુકીને કામગીરી કરવામાં આવતી હતી પરંતુ છેલ્લા ઘણાં સમયથી નાગરિકોની ફરિયાદને ન્યાય મળતો નથી જયારે બીજીતરફ સેકટરોમાં આતંક મચાવતી વાનર સેનાના લીધે રહીશોએ ક્યાં ફરિયાદ કરવી તે અંગે પણ અનેક મુંઝવણ છે. એકબાજુ નીલગાય સહીત રખડતા ઢોર અને સેકટરોમાં વધતા વાંદરાના ત્રાસથી નગરજનો ભય અનુભવી રહ્યા છે. વનવિભાગને મળતી સ્થાનિકોની ફરિયાદ સંદર્ભે ત્વરિત પગલા લેવાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

'અસાની'

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રવિવાર સાંજ સુધીમાં અસાની વધુ તીવ્ર બનીને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની શક્યતા છે. હવામાન વિભાગે ચક્રવાતી વાવાઝોડાની સંભવિત રચનાને ધ્યાનમાં રાખીને આવતા સપ્તાહે મંગળવારથી શુક્રવાર સુધી ગંગાના પશ્ચિમ બંગાળના જિલ્લાઓમાં વાવાઝોડા અને ભારે વરસાદની ચેતવણી પણ આપી છે. ઓડિશા સરકારે જણાવ્યું હતું કે આગાહીને પગલે ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી હતી. આ પ્રદેશમાં છેલ્લા ત્રણ ઉનાળામાં ચક્રવાત જોવા મળ્યા છે - ૨૦૨૧માં 'યસ', ૨૦૨૦માં 'અમ્ફાન' અને ૨૦૧૯માં 'ફેની'. હવે આ વખતે આ ચક્રવાત અસાની હશે.

ભારતીય હવામાન વિભાગ (IMD)ના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે વાવાઝોડું ૧૦ મેના રોજ દરિયાકાંઠે ત્રાટકે તેવી શક્યતા છે. મહાપાત્રાએ કહ્યું કે, અમે હજુ સુધી કોઈ આગાહી કરી નથી કે તે ક્યાં લેન્ડફોલ કરશે. અમે લેન્ડફોલ દરમિયાન પવનની સંભવિત ગતિ વિશે પણ કંઈપણ ઉલ્લેખ કર્યો નથી. ઓડિશાના વિશેષ રાહત કમિશનર (SRC) પીકે જેનાએ જણાવ્યું હતું કે, "અમે NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ૧૭ ટીમો, ODRAF (ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સ)ની ૨૦ ટીમો અને ફાયર વિભાગના કર્મચારીઓની ૧૭૫ ટીમોની માંગણી કરી છે.

ફેનિલ ફાંસીની સજાવાળા આરોપીઓની બેરેકમાં રખાશે

ચકચાર મચાવનારા ગ્રીષ્મા હત્યા કેસનો આરોપી જેલમાં : સુરતના ગ્રીષ્મા હત્યા કેસમાં ફેનિલને ૩૦૨ સહિતની વિવિધ કલમો માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો

સુરત, તા.૭

સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવનારા સુરતના ગ્રીષ્મા હત્યાકાંડમાં દોષિત ફેનિલ ગોયાણીને કોર્ટે ફાંસીની સજા આપવામાં આવી છે ત્યારે આ ચુકાદાના કારણે તેના પરિવાર સાથે રાજયના લોકોએ પણ સંતોષ વ્યક્ત કર્યો છે. હવે સજા આપયા બાદ ફેનિલને જેલમાં કેદી નંબર આપવામાં આવ્યો છે જેમાં નંબર ૨૨૩૧ તેને આપવામાં આવ્યો છે.ફેનિલને હાલ મેડિકલ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યો છે.આજના દિવસમાં તેના પાકા પાકા કામના કેદીની પ્રક્રિયા પુરી કરવામાં આવશે અને સાથે જ ફાંસીની સજાવાળા આરોપીઓની બેરેકમાં રાખવામાં આવશે.

ગ્રીષ્માની ક્રૂર હત્યા કરનારા હત્યારા ફેનિલને સુરતની સેશન્સ કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. જજ વિમલ વ્યાસે આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણાવી જાહેરમાં ખુલ્લેઆમ હત્યા કરનારા હત્યારને ફાંસીની સજા આપતા જણાવ્યું હતું કે જો આ પ્રકારની હત્યા સામે જો આવો ચુકાદો ન આપવામાં આવે તો યુવતીઓ અને મહિલાઓનું ઘરની બહાર નીકળવું દુષ્કર થઈ જાય. ગુનેગારોને મોકળું મેદાન ન મળે અને સમાજમાં જંગલરાજ ઊભું ન થાય તે માટે આ પ્રકારનો ચુકાદો આપવો જરૂરી હતો. આ ચુકાદાનું પઠન કરતી વખતે સંસ્કૃતના શ્લોક બોલ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ પ્રકારના આરોપી માટે ફાંસીથી ઓછી કોઈ સજા ન હોઈ શકે.

આ પૂર્વે સુરતમાં ગ્રીષ્મા વેકરિયા હત્યા કેસમાં દોષિત ફેનિલને ૨૬મી એપ્રિલે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. બચાવ પક્ષના વકીલે ફેનિલને ઓછામાં ઓછી સજા થાય તે માટે દલીલ કરી હતી. જ્યારે સરકારી વકીલે ફેનિલને ફાંસીની સજા થવી જોઈએ તેવી માંગ કરી હતી અથવા તો એટલી ક્રૂર સજા કરવામાં આવે કે ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ આ પ્રકારનું કૃત્ય કરતા અચકાય તેવી માંગ કરી હતી.અને આ માંગ પુરી થઈ છે અને ફિનિલને ફાંસીની સજા મળી છે.

સુરતના ગ્રીષ્મા હત્યા કેસમાં ફેનિલને ૩૦૨ સહિતની વિવિધ કલમો માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. સુરતની કોર્ટના ન્યાયાધીશે પણ ફેનિલને દોષિત જાહેર કર્યો હતો આ ઉપરાંત કોર્ટે પણ માન્યુ કે કોઈ પ્રોફેશનલ કિલરની જેમ જ હત્યાનો અંજામ આપવામાં આવ્યો હતો. ચુકાદો આવ્યા બાદ ગ્રીષ્માના પિતાએ જણાવ્યું હતું કે ગ્રીષ્માને ન્યાય મળ્યો છે. અમારી તમામ માગણી પૂર્ણ થઈ છે. અમને ન્યાય પ્રક્રિયા પર સંપૂર્ણ વિશ્વાસ છે. પોલીસથી લઈને મદદ કરનારા તમામ નેતાઓનો આભાર. સાથે જ સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે કોર્ટે ફેનિલ ગોયાણીને મૃત્યુદંડની સજા કરી છે. બે લોકોને મારી નાખવાના પ્રયાસના કેસમાં પણ સજા ફટકારી છે. ભોગ બનનારને વળતર મળે એવી પણ પ્રક્રિયા કરી છે.

રાજકોટમાં પત્રકારનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો

હત્યા કે આત્મહત્યા તેની લઈને પોલીસની તપાસ : રાજકોટ પોલીસ દ્વારા મૃતકના મોબાઈલમાં રહેલા whatsapp સહિતની તપાસ પણ કરવામાં આવી છે

રાજકોટ,તા.૭

રાજકોટ શહેરમાં એક ચોંકાવનારો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ શહેરમાં મારુતિનગર વિસ્તારમાં રહેતા રાકેશ અધિયારુની લાશ સળગેલી હાલતમાં તેના ઘરમાંથી જ મળી આવી છે. સમગ્ર મામલાની જાણ સ્થાનિક ભક્તિનગર પોલીસ તેમજ કાઈમ બ્રાન્ચને થતા તાત્કાલિક અસરથી ભક્તિનગર પોલીસના પીઆઈ એલ.એલ.ચાવડા તેમજ કાઈમ બ્રાન્ચના પીઆઈ જે.વી ધોળા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થાનિક પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મારુતિનગર વિસ્તારમાં રહેતા રાકેશ અધિયારુ નામના વ્યક્તિની સળગેલી હાલતમાં લાશ મળી આવ્યાની જાણ ભક્તિનગર પોલીસને થઈ હતી. સમગ્ર મામલાની જાણ ભક્તિનગર પોલીસને થતા તાત્કાલિક અસરથી ભક્તિનગર પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં કેટલાક લોકો રાકેશ અધિયારૂના ઘરે આવી માથાકૂટ કરી હતી. ત્યાર બાદ તેની સળગેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે તે મામલે પણ તપાસ શરૂ કરી છે. રાકેશ પાસેથી એક પ્રેસનું કાર્ડ પણ મળી આવ્યું છે. જેથી પોતે પત્રકાર તરીકે પણ કામ કરતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું છે. સમગ્ર મામલે રાકેશે આત્મહત્યા કરી છે કે પછી કોઈના દ્વારા તેની હત્યા કરવામાં આવી છે તે મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. જાણવા મળતી માહિતી અનુસાર ભક્તિનગર પોલીસ દ્વારા મૃતકનો ઇઢ્ઢક્ષ્ઝ ક્ષ્ઝીક્ષ્ઝ રિપોર્ટ પણ સંબંધિત ટેલિકોમ કંપની પાસેથી મંગાવવામાં આવ્યો છે. પોલીસ દ્વારા મૃતકના મોબાઈલમાં રહેલા whatsapp સહિતની તપાસ પણ કરવામાં આવી છે. ભક્તિનગર પોલીસ દ્વારા હાલ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં મૃતકની પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં મોત અંગે કયા પ્રકારનું કારણ સામે આવે છે તે જોવું અતિ મહત્ત્વનું બની રહેશે.